પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૬ | ૧૮ માર્ચ, ૨૦૧૭, શનિવાર ; ફાગણ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# બે હજારની નોટ પરત નહિ ખેંચાય : જેટલી

## નોટબંધી બાદ શરૂ કરાયેલી નોટ યથાવત રીતે જારી રહેશે : ત્રીજી માર્ચ ૨૦૧૭ના આંકડા મુજબ સરક્યુલેશનમાં હાલ કરન્સીનો આંકડો ૧૨ લાખ કરોડ નોંધાયો : બેંક પાસે ડિપોઝીટ વધતા વ્યાજદરમાં ઘટાડો થશે



નવી દિલ્હી, તા.૧૭

નાણામંત્રી અરૂણ જેટલીએ આજે કહ્યું હતું કે નોટબંધી બાદ બજારમાં મુકવામાં આવેલી રૂપિયા ૨૦૦૦ની નોટને પરત ખેંચી લેવાની કોઈપણ દરખાસ્ત નથી. તેમણે કહ્યું હતું કે રૂપિયા ૫૦૦ની નવી નોટ સાથે ૨૦૦૦ રૂપિયા નોટ જારી કરવામાં આવી હતી. ૯મી નવેમ્બર ૨૦૧૬થી રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની જૂની નોટને પાછી ખેંચી લેવામાં આવ્યા બાદ આ નવી નોટ જારી કરવામાં આવી હતી. લોકસભામાં એક પ્રશ્નના જવાબમાં માહિતી આપતા જેટલીએ આ સંદર્ભમાં ચાલી રહેલી તમામ અટકળોનો અંત લાવી દીધો હતો. તેમણે કહ્યું હતું કે રૂપિયા ૨૦૦૦ની નોટને પાછી ખેંચી લેવાની કોઈ દરખાસ્ત નથી. જેટલીએ વધુમાં કહ્યું હતું કે રૂપિયા ૫૦૦ અને ૧૦૦૦ની નોટ બંધ કરવામાં આવ્યા બાદ આંકડાકીય ગણતરી કરવામાં આવી ચુકી છે. આ સંદર્ભમાં આંકડામાં ચકાસણીની ગતિવિધિ ચાલી રહી છે. તેમણે ઉમેર્યું હતું કે ત્રીજા માર્ચ ૨૦૧૭ના આંકડા મુજબ સરક્યુલેશનમાં જે નોટ છે તેનો આંકડો ૧૨ લાખ કરોડ રૂપિયાનો છે. જ્યારે ૨૭મી જાન્યુઆરી સુધી આ આંકડો ૯.૯૨૧ લાખ કરોડનો નોંધાયો છે. જેટલીએ કહ્યું હતું કે નોટબંધી બાદથી ઘણી બધી નવી

● અનુસંધાન પાન-૭ પર

# ઉત્તરાખંડના મુખ્ય પ્રધાન પદે ત્રિવેન્દ્રસિંહ રાવતની પસંદગી

## આજે દહેરાદુન ખાતે યોજાનાર શપથવિધિ કાર્યક્રમમાં મોદી અને અમિત શાહ હાજરી આપશે : બપોરે ત્રણ વાગે શપથવિધિ કાર્યક્રમને લઈને જોરદાર તૈયારી જારી



નવી દિલ્હી, તા.૧૭

ઉત્તરાખંડમાં પ્રચંડ બહુમતી મેળવી લીધા બાદ હવે ઉત્તરાખંડના નવા મુખ્યમંત્રી કોણ બનશે તેને લઈને ચાલી રહેલી ચર્ચાઓનો અંત આવી ગયો છે. આજે ઉત્તરાખંડમાં ભાજપ વિધાનસભા પક્ષની મહત્વપૂર્ણ બેઠક મળી હતી. જેમાં ત્રિવેન્દ્રસિંહ રાવતના નામ ઉપર મંજુરીની મોહર મારવામાં આવી હતી. વિધાનસભા પક્ષની બેઠકમાં ત્રિવેન્દ્રસિંહ રાવતને નેતા તરીકે ચૂંટી કાઢવામાં આવ્યા હતા. આજે દહેરાદુનમાં આ બેઠક મળી હતી. આ બેઠકમાં મુખ્યમંત્રી પદના ઉમેદવાર અંગે નિર્ણય લેવામાં આવ્યા બાદ આવતીકાલે શનિવારના દિવસે ત્રિવેન્દ્રસિંહ રાવત ઉત્તરાખંડના મુખ્યમંત્રી તરીકે શપથ લેશે. આની સાથે જ ઉત્તરાખંડમાં ભાજપની સરકાર બની જશે. હાલમાં જ યોજાયેલી પાંચ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે જોરદાર સપાટો બોલાવ્યો છે. ભાજપે પાંચ પૈકીના ચાર રાજ્યોમાં સરકાર બનાવી લીધી છે.

● અનુસંધાન પાન-૭ પર

# ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી સંદર્ભે આજે નિર્ણય

## નવા મુખ્યમંત્રીની રવિવારના દિવસે તાજપોશી : ઉત્તરપ્રદેશ વિધાનસભા પક્ષની આજે મહત્વપૂર્ણ બેઠક શપથવિધિ કાર્યક્રમમાં પાર્ટીના તમામ રાષ્ટ્રીય નેતા ઉપસ્થિત રહેશે : આજે સાંજે ચાર વાગે બેઠક

લખનૌ,તા. ૧૭

દેશના સૌથી વધારે વસ્તી ધરાવતા રાજ્ય ઉત્તરપ્રદેશમાં નવા મુખ્યપ્રધાન તરીકે કોણ રહેશે તે અંગે ચાલી રહેલી અટકળોનો શનિવારના દિવસે અંત આવશે. શનિવારે ઉત્તર પ્રદેશના પાટનગર લખનૌમાં ભાજપ વિધાનસભા પક્ષની મહત્વપૂર્ણ બેઠક મળનાર છે. જેમાં મુખ્યપ્રધાન પદના ઉમેદવારની પસંદગી કરવામાં આવનાર છે. જોકે ઉત્તરપ્રદેશના નવા મુખ્યમંત્રીની તાજપોશી ૧૯મી માર્ચના દિવસે એટલે કે રવિવારના દિવસે કરવામાં આવશે. ભાજપના તમામ રાષ્ટ્રીય નેતાઓ શપથવિધિમાં ભાગ લેશે. સંસદની બહાર પત્રકારો સાથે વાતચીત કરતા ઉત્તરપ્રદેશ ભાજપના પ્રમુખ કેશવ પ્રસાદ મૌર્યએ આજે કહ્યું હતું કે ઉત્તરપ્રદેશ વિધાનસભા પાર્ટીની બેઠકમાં આવતીકાલે મુખ્યમંત્રી અંગે નિર્ણય લેવામાં આવશે. અસ્વસ્થ થઈ ગયા હોવાની ફરિયાદ બાદ ગઈકાલે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલા મૌર્યએ કહ્યું હતું કે હવે તેઓ સંપૂર્ણ સ્વસ્થ છે. તેમણે કહ્યું હતું કે ગઈકાલે તકલીફ થઈ ગઈ હતી. ગઈકાલે જ હોસ્પિટલમાંથી રજા પણ આપી દેવામાં આવી હતી. હવે તેઓ

● અનુસંધાન પાન-૭ પર

# પેંટ્રોલ પંપ પર રાષ્ટ્રવ્યાપી દરોડા

## બ્લેકમનીના પ્રવાહને રોકવાના હેતુસર કાર્યવાહી : અમદાવાદ શહેરમાં પણ આઠથી વધુ જગ્યાઓએ તપાસ

નવી દિલ્હી-અમદાવાદ, તા.૧૭

દેશમાં કાળા નાણાંના પ્રવાહ ઉપર અંકુશ મુકવાના પ્રયાસના ભાગરૂપે કાર્યવાહીનો દોર જારી રહ્યો છે. ઈન્કમટેક્સ વિભાગે આજે પેટ્રોલ પંપના માલિકો અને એલપીજી ડિસ્ટ્રીબ્યુટરો ઉપર રાષ્ટ્ર વ્યાપી દરોડાની કાર્યવાહી હાથ ધરી હતી. અમદાવાદ શહેરમાં પણ કેટલીક જગ્યાઓએ દરોડા પાડવામાં આવ્યા હોવાના અહેવાલ મળ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

### તાજમહેલની સુરક્ષા વધારાઈ

વિશ્વની અજાયબીઓ પૈકીની



એક તાજમહેલને આઈએસ દ્વારા ઉડાવવાની ધમકી મળતા તેની સુરક્ષામાં વધારો કરાયો છે. દેશનું ગુપ્તચર પણ એલર્ટ કરાયુ છે.

### સિધ્ધુ કપીલ શર્માનો શો નહી છોડે

પંજાબ મંત્રીમંડળમાં સ્થાન



મેળવનાર નવજ્યોત સિદ્ધુએ કહ્યુ હતુ કે કપીલ શર્માનો કોમેડી શો તે નહી છોડે. દિવસે તે પંજાબની સેવા કરશે અને રાત્રે તે શોમાં ભાગ લેશે.

### જસ્ટીસ કર્ણએ ૧૪ કરોડનુ વળતર માંગ્યુ



સુપ્રિમ કોર્ટના કન્ટેમ્પ્ટ કેસનો સામનો કરી રહેલા કોલકત્તા હાઈકોર્ટના જજ સીએસ કર્ણએ સુપ્રિમ કોર્ટના ૭ જજ પાસે ૧૪ કરોડનું વળતર માંગ્યુ છે. માનસિક પરેશાની અને સન્માનને ઠેસ પહોંચાડવા બદલ તેઓએ આ વળતર માંગ્યુ છે.

### ધોનીની ક્રિકેટ કીટ સળગી ગઈ



દિલ્હીની ફાઈવસ્ટાર હોટલમાં શુક્રવારે એકાએક આગ લાગતા હોટલમાં રોકાયેલ સ્ટાર ક્રિકેટર મહેન્દ્રસિંહ ધોનીની ક્રિકેટ કીટ સળગી ગઈ હતી તે વિજય હજારે ટ્રોફી રમવા દિલ્હી આવ્યા હતા.

### ૨૪ કલાકમાં પાંચ કરોડવાર જોવાયુ 'બાહુબલી-૨'નું ટ્રેલર



ભારતના ફિલ્મરસિકો જેની આતુરતાપૂર્વક રાહ જોતા હતા તે 'બાહુબલી-૨'ના ટ્રેલર વ્યૂનો આંકડો આસમાને પહોંચી ગયો છે. ૨૪ કલાકમાં પાંચ કરોડવાર તેનુ ટ્રેલર જોવાયુ છે.

ગુજરાત સરકાર માન્ય LTC પ્રવાસો
આંદામાન-નિકોબાર
લેહ-લદાખ નુબ્રાવેલી-પેંગોગ | દાર્જીલીંગ ગંગટોક-લાચુંગ-પેલીંગ | સિમલા મનાલી-ડેલ-અમૃત | ભુતાન પારો-થિમ્પુ-પુનાખા
સ્પે. કેરાલા મુન્નાર-થેકડી | કાશ્મીર ગુલમર્ગ-પહેલગામ | નૈનિતાલ કોર્બેટપાર્ક-મસૂરી | ચારધામ બદ્રી-કેદાર ગંગોત્રી-યમુનોત્રી
Since 1951
નૂતન ટ્રાવેલ્સ 26562324/22 9427455274 9408643756
કરીશ્મા, સ્ટેડીયમ સર્કલ, સી. જી. રોડ, અમદાવાદ

આશ્કા મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
તમામ લેપ્રોસ્કોપીક, જનરલ, યુરોલોજી તથા પ્લાસ્ટીક સર્જરીનો નિદાન અને સારવાર કેમ્પ
લેપ્રોસ્કોપીક, જનરલ, યુરોલોજી સર્જરીને લગતી તકલીફોના લક્ષણો
થાઈરોઈડ ગ્રંથીના રોગો, હોજરી, આંતરડા અને મળ માર્ગના રોગો, સ્વાદુ પિંડ, પિત્તાશય, હરસ, મસા, ભગંદર, સારણગાંઠ, વેરીકોઝ વેઈન, (પગની નસો ફુલી જવી), પથરી, મૂત્રાશય, કીડની, પ્રોસ્ટેટને લગતા રોગો, ગેસ્ટ્રોએન્ટ્રોલોજી
જનરલ સર્જરીના અનુભવી તથા પ્રતિષ્ઠિત ડૉ. દેવેન્દ્ર પટેલ અને ડૉ. રાહુલ ભલગામી (ગેસ્ટ્રોએન્ટ્રોલોજીસ્ટ) દ્વારા કન્સલ્ટેશન
પ્લાસ્ટીક સર્જરીને લગતી તકલીફોના લક્ષણો
જન્મજાત ખોડ ખાંપણ તથા કપાયેલા હોઠ, કોસ્મેટીક સર્જરી, દાઝેલા દર્દીની સારવાર, હાથ તથા પગની ઈજાની રીકન્સ્ટ્રક્ટીવ સર્જરી, ચહેરા પરની ઈજાની સારવાર, ના રૂઝાતા ચામડીના ઘાની સારવાર,
પ્લાસ્ટીક સર્જરીના અનુભવી તથા પ્રતિષ્ઠિત ડૉ.સોહીલ શાહ - નિષ્ણાત દ્વારા કન્સલ્ટેશન
તારીખ: ૧૯/૩/૨૦૧૭ સમય: સવારના ૧૦:૦૦ થી બપોરના ૧:૦૦
રજીસ્ટ્રેશન ફી: રૂા.૧૦૦/-
રજીસ્ટ્રેશન માટે સંપર્ક કરવો: ૦૭૯ - ૨૯૭૫૦૭૫૦, ૭૫૭૫૦૦૯૦૦૦
સ્થળ: આશ્કા મલ્ટી સ્પેશ્યાલીટી હોસ્પિટલ
સરગાસણ અને રિલાયન્સ ચાર રસ્તાની વચ્ચે, સરગાસણ. ગાંધીનગર-૩૮૨૪૨૧
વધુ જાણકારી માટે :૭૫૭૫૦૦૭૭૦૨, ઈમરજન્સી માટે : ૭૫૭૫૦૦૭૭૦૭

Presenting The New 2017
Grand i10.
It's Wowsome!
NO.1
ગ્રાન્ડ i10 ને ગુજરાતની સૌથી વધુ વેચાતી કાર બનાવવા બદલ આભાર.



કોઈપણ હ્યુંડાઈ ગાડીની ખરીદી ઉપર મેળવો નિશ્ચિત સોનાનો સિક્કો*
ઓફર ફક્ત તા. ૨૫ માર્ચ સુધી જ
ઓટોમેટીક ટ્રાન્સમીસન માં પણ ઉપલબ્ધ
ICOTY INDIAN CAR OF THE YEAR 2014
Savings up to
₹ 47,000* (P) ₹ 55,000* (D)
T & C Apply*
સર્વશ્રેષ્ઠ ડિઝલ એન્જિન
U2 1.2 CRDi
સર્વશ્રેષ્ઠ માઈલેજ । સર્વશ્રેષ્ઠ પાવર । સર્વશ્રેષ્ઠ કાર્યક્ષમતા
Introductory price starting at ₹4.68# lacs I Test drive today
*આ ઓફર ફક્ત તા. ૨૫મી માર્ચ સુધી માં કરેલ બુકિંગ અને ડિલીવરી ઉપર ઉપલબ્ધ છે
EON Savings up to ₹40,000*
The Elite i20 Savings up to ₹ 25,000* (P/D)
i20 Active Savings up to ₹ 25,000* (P/D)
Xcent Savings up to ₹ 55,000* (P) ₹ 40,000* (D)
VERNA The World Sedan Savings up to ₹ 80,000* (P) ₹ 90,000* (D)
SANTAFE Savings up to ₹ 2,50,000* (D)
Presenting Comebackpedia, log on to www.itswowsome.com
www.hyundai.co.in
Complete peace of mind with 1230 nationwide service outlets and 976 sales points across 714 cities.
For more details, give a missed call on 08040751740.
PROMISE APPROVED USED CAR
HYUNDAI
PUNJAB HYUNDAI - Ph.: 7820003300
Plot No. 1004/A, Sector 28, GIDC, Opp. DSP Office, Gandhinagar | 2/5, Umiya Tirth Ville, Nr. Gayatri Mandir, Mahesana Highway, KALOL. M.: 9825012126 | Nr. Atithi Hotel, Opp. Ashirwad Hospital, DEHGAM. M.: 9925042700 | Opp. Vasant Villa Flat, Nr. Devki Motors, Besides Navrang Hotel, Mansa-Gandhinagar Road, Ta. MANSA. Dist. Gandhinagar M.: 9825023869

આયુર્વેદિક દવાઓ
NAGARJUNA | BAN Since 1966 | Himalaya HERBAL HEALTHCARE | ZANDU | VASU Healthcare Pvt. Ltd. | पतंजलि | Baidyanath | Dabur | SANDU | Charak
આયુર્વેદિક નિદાન કેમ્પ
દર શનિવારે સાંજે ૫ થી ૮
તપાસ ફી ૧૦૦ રૂપિયા
MNM WellCARE
Manoj M. Trivedi | 98793 48048
Opp. Shree Bhuvneshwar Temple, Cheap Type Shopping Center, Sector-6/D, Gandhinagar. Ph. : 079 - 23241415